શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈન્ડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

ગુજરાત રક્ષા - 06
WhatsApp group
સમાચારોનાં વધુ અપડેટ અને
અગત્યનાં સમાચારો મેળવવા માટે
ગુજરાત રક્ષાના whatsapp

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર સોમવાર ❖તા.૦૨-૧૨-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.

કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

## શિંદેએ કહ્યું- CM પર નિર્ણય મોદી-શાહ લેશે: આરામ કરવા ગામમાં આવ્યો હતો



મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીની ખુરશીને લઈને રાજકીય ઘમાસાણ ચાલી રહ્યુ હતું. જેમાં એકનાથ શિંદેને મુખ્યમંત્રી ન બનાવવાને લઈને નારાજ હોવાની અટકળો ચાલી રહી હતી. જોકે, હવે આ તમામ અટકળોનો અંત આવી ગયો છે. એકનાથ શિંદેએ પોતાનું નિવેદન રજૂ કરી આ અટકળોનો અંત લાવ્યો છે. શિંદેએ કહ્યું કે, જે પણ મુખ્યમંત્રી બનશે તેને મારૂ સમર્થન રહેશે. એકનાથ શિંદેએ મુખ્યમંત્રી પદને લઈને થઈ રહેલી અટકળોને ભાંગતા કહ્યુ કે, હું મારી ભૂમિકાને લઈને ક્લિયર છું. ઁ ર મોદી અને અમિત શાહ મુખ્યમંત્રીના પદ માટે જે પણ નિર્ણય લેશે, હું મજબૂતી સાથે તેનો સાથ આપીશ. મહાયુતિમાં ત્રણેય પક્ષો વચ્ચે સમન્વય છે.નોંધનીય છે કે, શનિવારે એનસીપીના નેતા અજિત પવારે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભાજપનો જ હશે. આ સિવાય બે નાયબ મુખ્યમંત્રી શિવસેના અને એનસીપીમાંથી હશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, શિંદેને મુખ્યમંત્રી પદ ન મળવાના કારણે નારાજ હતાં. જોકે, હવે શિંદેએ ખુલીને વાત કરી છે કે, મુખ્યમંત્રી પદને લઈને વડાપ્રધાન મોદી અને અમિત શાહ નિર્ણય લેશે.મહારાષ્ટ્રમાં ભાજપને બહુમતી મળ્યા છતાં શિંદેની નારાજગીના કારણે સરકાર ગઠનમાં મોડુ થઈ રહ્યું છે તેવી અટકળો ચાલી રહી હતી. શિંદે જૂથ સતત એકનાથ શિંદેને મુખ્યંમંત્રી બનાવવાની માગ કરી રહ્યુ હતું. જેને લઈને પાર્ટીના નેતાઓ તરફથી નારાબાજી અને ટીકા-ટિપ્પણીઓ પણ કરવામાં આવી હતી. જોકે, સમગ્ર બાબતનું નિરાકરણ લાવવા દિલ્હીમાં મહાયુતિની સહયોગી પાર્ટીની બેઠક યોજાઈ હતી, જેમાં ભાજપનો નેતા મુખ્યમંત્રી બનશે તેવું નક્કી થયું હતું. જ્યારબાદ એવી પણ વાત સામે આવી હતી કે, શિંદેએ ગૃહ મંત્રાલય માગ્યું પરંતુ ભાજપે ગૃહ મંત્રાલયનો ઈનકાર કરી દીધો છે. જોકે, આ વિષય બંને પાર્ટી તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નહતું.દિલ્હીમાં બેઠક પૂર્ણ થતાં જ એકનાથ શિંદે કંઈ પણ કહ્યા વિના મુંબઈમાં શિવસેનાના ધારાસભ્યની મિટીંગ રદ કરી સતારા તેમના ગામડે જતા રહ્યા હતાં. જેને લઈને એકનાથ શિંદે કંઈ નવીજૂની કરશે તેવી અટકળો ચાલી રહી હતી. જોકે, હાલ શિંદેએ સ્પષ્ટ કરી દીધું છે કે, મોદી અને અમિત શાહ જે નિર્ણય લેશે તેમાં મારૂ સમર્થન છે.જોકે, કંઈપણ કહ્યા વિના ગામડે પહોંચી જવાની અટકળો વિશે એકનાથ શિંદેએ પોતે સ્પષ્ટતા કરી છે. શિંદેએ કહ્યું કે, મારી તબિયત સારી છે. હું ગામડે આરામ કરવા આવ્યો હતો. ચૂંટણીના કામ અને અઢી વર્ષમાં રજા ન લેવાના કારણે હું આરામ કરવા આવ્યો હતો. મારી તબિયત થોડી ખરાબ હતી જે હવે સારી છે. જોકે, ગૃહ મંત્રાલયને લઈને શિંદેએ હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી.

## દિલ્હીની ચૂંટણી પહેલા કેજરીવાલની મોટી જાહેરાત, કોંગ્રેસને જોરદાર ઝટકો

દિલ્હીના ઉત્તર નગરથી આમ આદમી પાર્ટીના બે વખતના ધારાસભ્ય નરેશ બાલિયાનની ધરપકડના એક દિવસ બાદ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ને લઈને મોટું નિવેદન આપ્યું છે. ભાજપની પરિવર્તન યાત્રા અંગે શું કહ્યું ? દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધન અંગે તેમણે કહ્યું કે અમે કોઈ ગઠબંધન નથી કરવાના. AAP દિલ્હીની તમામ સીટો પર એકલા હાથે ચૂંટણી લડશે. દિલ્હીની તમામ વિધાનસભા મતવિસ્તારો માં પરિવર્તન યાત્રા કાઢવાના ભાજપના નિર્ણય પર તેમણે કહ્યું, તેમને બહાર જવા દો. લોકશાહીમાં દરેકને આમ કરવાનો અધિકાર છે. લોકશાહીમાં કોઈ કંઈ પણ કરી શકે છે.બાલ્યાન વિશે શું બોલ્યા કેજરીવાલ ? આ પહેલા AAPના વડા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે અમારા ઉત્તમ નગરના ધારાસભ્ય નરેશ બાલ્યાનની ૩૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. જોકે એ તો ગેંગસ્ટર વિરુદ્ધ સતત ફરિયાદ કરી રહ્યા હતા. હવે તેમના બાળકને નિશાન બનાવવામાં આવ્યું છે. ગેંગસ્ટર કપિલ સાંગવાન વતી કહેવામાં આવ્યું હતું કે ‘તમે આ લોકો પાસેથી પૈસા લો અને અમને આપો, નરેશ બાલ્યાને આ ધમકીની ફરિયાદ દિલ્હી પોલીસમાં કરી છે. દિલ્હી પોલીસે તેની ફરિયાદ પર કાર્યવાહી કરવાને બદલે તેની ધરપકડ કરી હતી.દિલ્હીમાં ચૂંટણી ક્યારે? ફેબ્રુઆરી ૨૦૨૫માં દિલ્હીમાં કુલ ૭૦ વિધાનસભા બેઠકો પર ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ ચૂંટણીમાં AAP ચોથી વખત દિલ્હીમાં સત્તા પર પાછા ફરવા માટે સખત પ્રયાસ કરી રહી છે. બીજી તરફ આ વખતે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ પણ છછઁ વિરુદ્ધ આક્રમક વલણમાં જોવા મળી રહ્યા છે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં તેણે ૭૦ વિધાનસભા બેઠકોમાંથી ૬૨ બેઠકો જીતી હતી. ભાજપના ઉમેદવારો આઠ બેઠકો જીતવામાં સફળ રહ્યા હતા.

## ગુજરાતમાં ઠંડી ભુક્કા બોલાવશે, સરકારે જાહેર કરી ગાઈડલાઈન

ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં આગામી દિવસોમાં વધુ ઠંડીનો અનુભવ થશે. પવનોની દિશા બદલાતા રાજયમાં ઠંડી વધશે. શનિવારે રાજકોટ ૧૩ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર બન્યું હતું, હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩ દિવસ સુધી ઠંડીનું જોર યથાવત રહી શકે છે. રાજય સરકારે તમામ જિલ્લા અને મહાનગરોમાં લોકોને ઠંડીથી બચવા લેવાના થતા રક્ષણાત્મક પગલા અંગે ગાઈડલાઈન જાહેર કરી છે. શહેર મનપાના આરોગ્ય અધિકારી દ્વારા લોકો માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.સરકારની ગાઈડ લાઈનમાં શું છેરાજયમાં હાલમાં ઠંડીની અસર જોવા મળી રહી છે ત્યાકે રક્ષણાત્મક પગલા લેવા જરૂરી છે. જે અન્વયે જરૂરી બાબતો ધ્યાને લેવા માટે આરોગ્ય સલાહ આપવામાં આવે છે. અતિશય ઠંડી જેને ઠંડીનું મોજું કે શીત લહેર કહેવામાં આવે છે ત્યારે સામાન્ય જનતાને સરકાર દ્વારા માર્ગદર્શન અપાયું છે.શીત લહેર દરમિયાન વિવિધ પ્રકારના રોગોની શક્યતાઓ વધી જાય છે. ઉદાહરણ તરીકે ફ્લુ, શરદી, ઉધરસ વગેરેના લક્ષણો જોવા મળે તો સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અથવા ડોક્ટરનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી છે.સંબંધિત લેખો શીત લહેર દરમિયાન લુઝ-ફિટિંગ અને સુતરાઉ કપડાં બહારની તરફ અને ગરમ કપડાં અંદરની તરફ પહેરો. શીત લહેર દરમિયાન શક્ય તેટલું ઘરની અંદર રહો અને જો અતિ આવશ્યક જરૂરીયાત હોય જ તો ઘરની બહાર નીકળો.અતિશય ઠંડી (શીત લહેર) દરમિયાન ડાયાબિટીસ, હાઈ-બ્લડ પ્રેશર, શ્વસન સંબંધી રોગો જેવા ક્રોનિક રોગોવાળા દર્દીઓએ, વૃદ્ધ પુરુષો/મહિલાઓ જેમની ઉંમર ૬૫ વર્ષથી વધુ છે, ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, સગર્ભા સ્ત્રીઓ વગેરેની આવી પરિસ્થિતિમાં ખાસ કાળજી લેવી જોઈએ. ભારે ઠંડીમાં શક્ય હોય ત્યાં સુધી પાલતુ પ્રાણીઓને ઘરની અંદર રાખો.

## ટ્રમ્પે ગુજરાત મૂળના અમેરિકનને મોટી જવાબદારી સોંપી




વોશિંગ્ટનઃ અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જીત થઇ હતી, જાન્યુઆરી મહિનામાં તેઓ ઓવલ ઓફીસ સંભાળશે. એ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પ મહત્વના હોદ્દાઓ માટે સક્ષમ વ્યક્તિઓને નિયુક્ત કરી રહ્યા છે, જેમાં મૂળ ભારતીયોને પણ સ્થાન મળ્યું છે. ભારતીય મૂળના વધુ એક વ્યક્તિને અમેરિકામાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રમ્પે કાશ પટેલને FBI ના ડાયરેક્ટર તરીકે નોમિનેટ કર્યા છે. કાશ પટેલના માતાપિતા મૂળ ગુજરાતના છે.ટ્રમ્પે ગઈ કાલે શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું, “મને એ જાહેરાત કરતાં ગર્વ અનુભવાય છે કે કશ્યપ ‘કાશ’ પટેલ ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન આગામી ડિરેક્ટર તરીકે સેવા આપશે.’’ટ્રમ્પે કાશ પટેલના ભરપુર વખાણ કર્યાઃ ટ્રમ્પે લખ્યું કે, “કાશ એક તેજસ્વી વકીલ, ઈન્વેસ્ટીગેટર અને અમેરિકા ફર્સ્ટ ફાઈટર છે જેમણે તેમની કારકિર્દી ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવામાં, ન્યાયનો બચાવ કરવામાં અને અમેરિકન લોકોની સુરક્ષા કરવામાં વિતાવી છે.’’સંબંધિત લેખો ‘હંમેશાં થોડો મસાલો ઉમેરવો પડતો હોય છે’, વિરાટે કેમ ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાનને આવું કહ્યું? પહેલા પણ નિભાવી ચુક્યા છે આ જવાબદારીઃ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન પણ કાશ પટેલને ઘણી મહત્વની જવાબદારીઓ સોંપી હતી. તેણે આતંકવાદી સંગઠન ISIS, અલ-બગદાદી અને કાસિમ અલ-રિમી જેવા અલ-કાયદાના નેતાઓને ખતમ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત કાશ પટેલે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને હાઉસ પરમેનન્ટ સિલેક્ટ કમિટી ઓન ઈન્ટેલિજન્સ માટે વરિષ્ઠ સલાહકાર તરીકે પણ કામ કર્યું હતું.કાશ પટેલનું ગુજરાત કનેક્શનઃકાશ પટેલના માતા-પિતા મૂળ ગુજરાતના છે અને પૂર્વ આફ્રિકાના દેશ યુગાન્ડાથી કેનેડા થઈને તેઓ અમેરિકામાં સ્થાયી થયા હતા. રાજકીય અસ્થિરતાને કારણે તેમના માતા-પિતાએ ૧૯૭૦માં યુગાન્ડા છોડીને યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થાયી થવાનું નક્કી કર્યું. ૧૯૮૮માં કાશ પટેલના પિતાને અમેરિકન નાગરિકતા મળી હતી. કાશ પટેલે ગાર્ડન સિટી હાઈસ્કૂલ, લોંગ આઈલેન્ડમાંથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. અમેરિકન યુનિવર્સિટીઓ શા માટે ટ્રમ્પના શપથ લે તે પહેલા વિદેશી વિદ્યાર્થીઓને યુએસ પાછા ફરવાની અપીલ કરી રહી છે? કાશ પટેલે ૨૦૦૨માં યુનિવર્સિટી ઓફ રિચમંડમાંથી ક્રિમિનલ જસ્ટિસ એન્ડ હિસ્ટ્રીમાં ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ, ૨૦૦૪માં તેણે યુનિવર્સિટી કોલેજ લંડનમાંથી આંતરરાષ્ટ્રીય કાયદાનું પ્રમાણપત્ર મેળવ્યું અને ૨૦૦૫માં તેણે પેસ યુનિવર્સિટી સ્કૂલ ઓફ લોમાંથી જ્યુરીસ ડોક્ટરેટની ડિગ્રી મેળવી.

## ભત્રીજા યુગેન્દ્રએ કાકા અજિત પવારની વધારી મુશ્કેલી

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પરિણામ જાહેર થયા બાદ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન પર સતત આંગળી ચિંધાઈ રહી છે. પરિણામો બાદ રાજયના અનેક ઉમેદવારોએ ઈવીએમમાં માઈક્રોકંટ્રોલર વેરિફિકેશન કરવા માટે ચૂંટણી પંચમાં અરજીઓ કરી છે. પુણેના ૨૧ વિધાનસભા ક્ષેત્રોમાંથી ૧૧ ઉમેદવારોએ માઈક્રોકંટ્રોલરની ફરી તપાસ કરવા માટે ચૂંટણી પંચ ને વિનંતી કરી છે.યુગેન્દ્ર સહિત અન્ય ઉમેદવારોએ પણ ઈઝમાં કરી અરજી શરદ પવારની NCPSP પાર્ટીના બારામતી વિધાનસભા વિસ્તારના ઉમેદવાર યુગેન્દ્ર પવારે પણ ૧૯ ઈફસ્ના માઈક્રોકંટ્રોલરનું વેરિફિકેશન કરવા માટે જિલ્લા વહિવટીતંત્રને અરજી કરી છે. આ તપાસ કરાવવા માટે તેમણે ચૂંટણી પંચે ૮.૯૬ લાખ રૂપિયાની ચૂકવણી કરી છે. આ ઉપરાંત માઈક્રોકંટ્રોલરનું વેરિફિકેશન કરાવવા માટે અન્ય ઉમેદવારોની વાત કરીએ તો NCPSP ના હડપસરના ઉમેદવાર પ્રશાંત જગતાપ અને પુણે કેંટના કોંગ્રેસ ઉમેદવાર રમેશ બાગવેએ પણ અરજી કરી છે.૧૩૭ ઈફસ સેટમાં માઈક્રોકન્ટ્રોલરની તપાસ કરવા માંગચૂંટણી પંચના નિયમ મુજબ વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ માઈક્રોકંટ્રોલરનું વેરિફિકેશન કરવા માટે સાત દિવસની અંદર અરજી કરવાની હોય છે. જિલ્લાભરના ઉમેદવારોએ ૧૩૭ ઈફસ સેટમાં માઈક્રોકન્ટ્રોલરની ચકાસણીની માંગ કરી છે. આ માટે તેઓએ ચૂંટણી પંચને ૬૬.૬૪ લાખ રૂપિયાની ફી ચૂકવી છે.બીજા-ત્રીજા સ્થાને આવનારા ઉમેદવારો અરજી કરવાના હકદાર સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ, જે ઉમેદવારો પોતાના મત વિસ્તારના પરિણામમાં બીજા અથવા ત્રીજા સ્થાને આવે, તો તેઓ પોતાના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાયેલ ઈવીએમમાંથી પાંચ ટકા માઈક્રોકંટ્રોલરની તપાસ કરવાની વિનંતી કરી શકે છે.

# કહેર ગામે થયેલ લોખંડની પ્લેટોની ચોરીનો ભેદ ઉકેલતી વાલોડ પોલીસ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** પોલીસ ઈન્સ્પેકટરશ્રી એમ.એમ. ગીલાતર વાલોડની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ ફરીયાદી દિનેશભાઈ હીરાભાઈ ધામેલીયા રહેવાસી ૫૦૪ ભીમા બિલ્ડીંગ શિંવંતા પેલેસ, જકાતનાકા પાસે, સરથાણા સુરત શહેરએ વાલોડ તાલુકાના કહેર ગામે રેલ્વે સ્ટેશન નંબર LHS ૪૦ ૫ર ડ્રેનેજ વર્કનો પેટા કોન્ટ્રાકટ કામ ચાલુ હોય અને તારીખ ૦૧/૦૬/૨૦૨૪ થી તા.૧૦/૧૧/૨૦૨૪ સુધી ડ્રેનેજ વર્કનુ કામ બંધ કરેલ હોવાથી બાંધકામની લોખંડ તથા લાકડાની પ્લેટૉ તથા બીજો સામાન કહેર ગામે રેલ્વે સ્ટેશન ફળીયામાં રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં તાડપત્રી ઢાંકીને મુકેલ હતો. જે સામાન તારીખ ૧૧/૧૧/ ૨૦૨૪ના રોજ કામ ચાલુ કરવાના હોવાથી સ્થળ પર સામાન જોવા ગયેલા ત્યારે સ્થળ પર મુકેલ સામાન પૈકી લાકડાની પ્લેટૉ નંગ ૧૮ તથા લોખંડની પ્લેટૉ નંગ ૨૮ મળી કુલ નંગ ૪૬ જેની સાઈઝ ૮૮૪ વાળી કુલ કિંમત રૂપિયા ૧,૧૧,૦૦૦/-ની મત્તાનો મુદામાલ ચોરીમાંગયેલાનુ માલુમ પડતા તારીખ ૨૭/૧૧/૨૦૨૪ના રોજ ફરીયાદ આપતા વાલોડ પો.સ્ટે મા ગુનો દાખલ કરવામાં આવેલ છે.આ કામે ડ્રેનેજ વર્કનો પેટા કોન્ટ્રાકટ અક્ષયભાઈ ભરતભાઈ ગોડલીયા રહેવાસી- બી-૨૦૨ બ્લેક પેલેસ વિજેડીએમ સ્કુલ પાસે, કામરેજ તા.કામરેજ જી.સુરતને આપેલ હોય તેઓને પોલીસ સ્ટેશન બોલાવી યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા પોતે તમામ પ્લેટો આઈસર ટેમ્પામાં ભરાવી ચોરી કરી લઈ ગયેલાની કબુલાત કરેલ છે. જેથી આ કામના આરોપી અક્ષયભાઈ ભરતભાઈ ગોડલીયા રહેવાસી- બી-૨૦૨ બ્લેક પેલેસ વિજેડીએમ સ્કુલ પાસે, કામરેજ તા.કામરેજ જી.સુરતને તારીખ ૨૭/૧૧/ ૨૦૨૪ના રોજ અટકાયત કરી ચોરીમાં ગયેલ લાકડાની પ્લેટૉ નંગ ૧૮ તથા લોખંડની પ્લેટૉ નંગ ૨૮ મળી કુલ નંગ ૪૬ કુલ કિંમત રૂપિયા ૧,૧૧,૦૦૦/-નો મુદામાલ રીકવર કરી ગુનો ડિટેકટ કરવામાં આવેલ છે.આરોપીનુ નામ સરનામુ :- અક્ષયભાઈ ભરતભાઈ ગોડલીયા રહેવાસી- બી-૨૦૨ બ્લેક પેલેસ વિજેડીએમ સ્કુલ પાસે, કામરેજ તા.કામરેજ જી.સુરતકબજે કરેલ મુદામાલ :- લાકડાની પ્લેટૉ નંગ ૧૮ તથા લોખંડની પ્લેટૉ નંગ ૨૮ મળી કુલ નંગ ૪૬ જેની સાઈઝ ૮૮૪ વાળી કુલ કિંમત રૂપિયા ૧,૧૧,૦૦૦/-કામગીરી કરનાર ટીમ :- શ્રી એમ.એમ. ગીલાતર પો.ઈન્સ. વાલોડ પો.સ્ટેની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. જીજ્ઞેશભાઈ ગણપતભાઈ તથા હે.કો ધર્મેશભાઈ ઉમેશભાઈ તથા હે.કો શૈલેષભાઈ રમેશભાઈ તથા પો.કો મણીલાલ ઉકાજીભાઈ તથા પો.કો. દિવ્યેશભાઈ જેન્તુભાઈ તથા પો.કો. આશિષભાઈ અશ્વીન ભાઈએ કામગીરી કરેલ છે.

# પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.ના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** શ્રી એન.જી. પાંચાણી, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ એ.એસ.આઇ. જગદીશભાઇ જોરારામભાઇ, એલ.સી.બી., એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડના પોલીસ માણસો સાથે સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ.આઇ. આનંદજી ચેમાભાઇ તથા અ.પો.કો. રાહુલભાઇ દિગંબરભાઈને મળેલ બાતમી આધારે સોનગઢ ઓટા ચાર રસ્તા પાસેથી બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમા નોંધાયેલ એન.ડી.પી.એસ.ના ગુનાના કામે સંડોવાયેલ નાસતો ફરતો વોન્ટેડ આરોપી- ભરત મંગલસિંગ નાઇક ઉ.વ.૨૧ રહે-રાયગઢ નિશાળ ફળીયુ તા.નિઝર જી.તાપીને તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજઅટક કરી આગળની વધુ કાર્યવાહી માટે સોનગઢ પો.સ્ટે.ને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :-ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એન.જી. પાંચાણી એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામભાઇ તથા અ.પો.કો. રવિન્દ્રભાઇ મહેન્દ્રભાઇ, નોકરી એલ.સી.બી. તાપી તથા પેરોલ/ ફર્લો સ્કોડ-તાપીના એ.એસ.આઇ. આનંદજી ચેમાભાઇ, અ.પો.કો. રાહુલભાઇ દિગંબરભાઇ, અ.પો.કો. દિપકભાઇ સેવજી ભાઇ, પો.કો. ધનંજયભાઇ ઇશ્વરભાઇએ કામગીરી કરેલ છે.

# સોનગઢ પોલીસ સ્ટેશનમાં બળાત્કારના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ, ટેક્નીકલ સેલ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** શ્રી ડી.એસ. ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપી નાઓની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ ગઇ તા.૨૮/૧૧/ ૨૦૨૪ ના રોજ પો.સ.ઇ. શ્રી જે.બી. આહિર, એલ.સી.બી., તાપી, એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોર્ડ/ટેક્નીકલ સેલ તાપીના પોલીસ માણસો સાથે વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. હરપાલસિંહ અભેસિંહ તથા પો.કો. હસમુખભાઇ વિરજીભાઈને સંયુકત મળેલ બાતમી આધારે વ્યારાના જનક હોસ્પિટલ પાસે આવેલ પેટ્રોલપંપ પાસેથી સોનગઢ પો.સ્ટે.મા નોંધાયેલ બળાત્કારના ગુનામા સંડોવાયેલ નાસતો ફરતો વોન્ટેડ આરોપી- દિનેશભાઇ હવજીભાઇ માવી, ઉ.વ.૪૨, રહે. હાલ સગરમપુરા ચોકી સર્કલ ફુટપાથ ઉપર, સુરત શહેર, મુળ રહે. ગામ-ટાઢાગોળા, તા.ઝાલોદ, જી.દાહોદનાને પકડી પાડી ઉપરોકત ગુના બાબતે પુછપરછ કરતા આશરે બારેક વર્ષ પહેલા પોતે સોનગઢ સરકારી કોલેજનુ કામ ચાલતુ હતુ ત્યારે ત્યાં આગળ પોતે પણ મજુરીકામ કરવા આવેલ ત્યારે એક સ્ત્રી સાથે જબરજસ્તી શરીર સબંધ બાંધી ભાગી ગયેલ હોવાનું જણાવતો હોઇ ઉપરોકત ગુનાના કામે આરોપીને તા.૨૮/૧૧/ ૨૦૨૪ ના રોજ અટક કરી આગળની વધુ કાર્યવાહી માટે વ્યારા પો.સ્ટે.ને સોંપેલ છે.વિષેશ નોંધ- પકડાયેલ આરોપી મોબાઇલ ફોન વાપરતો ન હોય કે પોતાના પરિવાર જનોના સંપર્કમાં ન હોવા છતાં બાતમીદાર નેટર્વક આધારે બાર વર્ષથી નાસતા ફરતા આરોપીને લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લોસ્કોર્ડ, ટેક્નીકલ સેલ તાપી પકડી પાડેલ છે.કામગીરી કરનાર ટીમ :- પો.ઈન્સ. શ્રી ડી.એસ. ગોહીલ એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. શ્રી જે.બી. આહિર, એલ.સી.બી., જી.તાપી તથા (૧) અ.હે.કો. ધર્મેશભાઇ મગનભાઇ (૨) પો.કો. અરૂણભાઇ જાલમસિંગ પેરોલ ફર્લો સ્કોર્ડના (૩) અ.હે.કો. હરપાલસિંહ અભેસિંહ (૪) પો.કો. હસમુખભાઇ વિરજીભાઇ, (૫) પો.કો. વિનોદભાઇ ગોકળભાઇ તથા ટેક્નીકલ સેલ સ્ટાફના (૬) હે.કો. તેજશભાઇ તુલસીરાવ,(૭) પો.કો. વિપુલભાઇ બટુકભાઈએ કામગીરી કરેલ છે.

# સમગ્ર શિક્ષા અંતર્ગત બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ ખાતે દિવ્યાંગ બાળકોનો સાધન સહાય કેમ્પ યોજાયો




**(પ્રતિનિધિ દ્વારા, ઓલપાડ) :** સમગ્ર શિક્ષા સુરત દ્વારા આઈ.ઈ.ડી. અંતર્ગત દિવ્યાંગ બાળકો માટે સાધન સહાય કેમ્પનું આયોજન અત્રેનાં બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ ખાતે કરવામાં આવ્યું હતું.સદર કેમ્પમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકા મળી કુલ ૭૦ જેટલાં લાભાર્થી બાળકોને તેમની દિવ્યાંગતાની કેટેગરી મુજબ ટ્રાઈસીકલ, વ્હિલચેર, ક્રચિસ, કેલિપર્સ, એમ.આર.કીટ, સી.પી.ચેર, હીયરીંગ એડ્સ, બ્રેઈલ કીટ જેવાં વિવિધ પ્રકારનાં સાધનોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.આ તકે બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે ૬ થી ૧૮ વર્ષનાં શાળામાં અભ્યાસ કરતાં હલન ચલન ખામી ધરાવતાં બાળકો (OH), માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો (ID), સંપૂર્ણ અંધ બાળકો (TB), મૂકબધિર બાળકો (OH) તેમજ બહુ દિવ્યાંગતા ધરાવતાં બાળકો (MD) ને એલિમ્કો કંપની દ્વારા સાધન સહાય કરવામાં આવી છે જે સરાહનીય બાબત છે. આ પ્રસંગે દિવ્યાંગતાની કેટેગરી મુજબનાં ડોક્ટર્સની ટીમ ખડેપગે રહી હતી.સદર કેમ્પમાં જિલ્લા આઈ.ઈ.ડી. કો-ઓર્ડિનેટર હરેશભાઈ ગલસર ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.કેમ્પમાં ભાગ લેનાર બાળકો અને વાલીઓને ચા-નાસ્તો તેમજ આવવા-જવાનું ભાડું અત્રેની કચેરીથી આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સ્પેશિયલ એજ્યુકેટર મિલન પટેલ અને બળવંત પટેલ તથા વિશિષ્ટ શિક્ષિકા નીતા પટેલ અને જીજ્ઞા પટેલ તેમજ ચોર્યાસી તાલુકાનાં વિપુલ દેસાઈ તેમજ દિલીપ ખસિયાએ જહેમત ઉઠાવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# સોનગઢ ખાતે મહાત્મા જોતિરાવ ફુલેજીથની ૧૩૪મી પુણ્યતિથિની ઉજવણી



**(પ્રતિનિધિ દ્વારા, ઉકાઈ) :** તાપી જિલ્લા સોનગઢમાં આજ રોજ તા.૨૮-૧૧-૨૦૨૪ મહાત્મા જ્યોતિરાવ ફુલેજી ની ૧૩૪મી પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ નો કાર્યક્રમ કરવામાં આવ્યો. સોનગઢ નગર માં આવેલ જ્ઞાનતીર્થ એકેડમી સ્કુલ ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાથે સોનગઢ માળી સમાજ દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફૂલેજીની પુણ્યતિથીની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યું હતું.જે કાર્યક્રમ માં ડો.સ્વપ્રિલ પાટીલ સાહેબ, રાહુલભાઈ સિમ્પીજી, વિજયભાઈ ચોહાણ સાહેબ, કૈયુમભાઇ પટેલ (માસ્તર) મોબીનભાઇ અન્સારી, હેમાશુંભાઈ દવે, હિતેશ સોનવણે, વિકાસભાઇ માળી, ગોકુળભાઇ પાટીલ, શ્રીરામભાઇ મહાજન, નાગેશ માળી, સુનિલ પાટીલ, ગીતાબેન ચૌહાણ, રાકેશભાઈ માળી, આયુષભાઇ માળી તે સાથે સ્કુલ સ્ટાફ મળી હાજર રહ્યા હતાં , મહાનુભાવો દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફુલેજીની જીવનગાથા વિશે વિધાર્થીઓને માહિતગાર કરવા આવ્યા હતા.પ્રકાશભાઈ માળી અને રાકેશભાઈ માળી દ્વારા સ્કુલનાં આચાર્ય શ્રી ને મહાત્મા જ્યોતિરાવ ફુલેજી અને માતા સાવિત્રીબાઈ ફુલેની પ્રતિમા સ્મૃતિ ભેટ આપવામા આવી, તે સાથે કાર્યક્રમનુ સંચાલન માજી નગરસેવક, માજી બાંધકામ અધ્યક્ષ પ્રકાશભાઈ માળી દ્વારા કરવામાં આવ્યું હતું. અને રાકેશભાઈ માળી દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

# તાપી જિલ્લામાં બાગાયતી પાકોની ખેતી કરતા ખેડુતો જોગ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં મહત્તમ લાભ લઈ શકે ટે માટે ૧ ડિસેમ્બરથી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે. જેમાં સહાયલક્ષી ઘટકો જેવા કે, સરગવા, મલ્ય લેઈગ મશીન, કાચા મંડપ, અર્ધ પાકા મંડપ, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી, પ્રોસેસિંગ, ડીસ્ટીલેશન યુનિટ, ખેતર પરના શૉટ'ગ ગ્રેડિંગ યુનિટ, મિશન મધમાખી, છુટા ફૂલો, કંદ ફૂલો, બાગાયત મશીનરી, યાંત્રીકિકરણ ઘટકો માટે તા.૦૧/૧૨/૨૦૨૪ થી તા.૦૭/૧૨/૨૦૨૪ સુધીમાં અરજી કરવી, જયારે કમલમ્, ખારેક, પપૈયા, નાળિયેરી, કેળ ટીસ્યુ, વિવિધ ફળપાકો વાવેતર, કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર, નેટહાઉસ, પોલીહાઉસ, આંબા જામફળ પાક વાવેતર, નવીનીકરણ, કોલ્ડ ચેઈન સપ્લાય, રાયપનિંગ ચેમ્બર, નાની નર્સરી, ફંકશન ઈન્ફાસ્ટ્રકચર જેવા ઘટકોમાં લાભ મેળવવા માટે તા.૦૧ થી ૧૫મી ડિસેમ્બર-૨૦૨૪ સુધી આઇ-ખેડુત પોર્ટલ (web site: www.ikhedut.gujarat.gov.in) પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.વધુમાં લાભ લેવા માંગતા ખેડૂતોએ પોતાના ગામના ઇ-ગ્રામ સેંટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટ ના માધ્યમ દ્વારા ઓનલાઇન અરજી કરી શકાશે.અરજી કર્યા બાદ ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટઆઉટ અને તેની સાથે જરૂરી સંબંધિત સાધનિક કાગળ, (૮-અ, ૭-૧૨ ની નકલ, આધારકાર્ડ, બેંક પાસબૂકની નકલ, જાતિનો દાખલો) સહિત ૭ દિવસમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પ્રથમ માળ, ખેડૂત તાલીમ કેન્દ્ર. પાનવાડી, તાપી ખાતે જમા કરાવવામાં આથી જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે આતેની કચેરીનો ૦૨૬૨૬-૨૨૧૪૨૩ અથવા ઈ-મેઈલ આઈડી ddhtapl@gmail.com પર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રી, તાપીની અખબાર યાદીમા જણાવવામાં આવ્યું છે.

ગુજરાત રક્ષા

તંત્રી સ્થાનેથી

## બિલ ગેટ્સની હવસખોરીના કારણે વોરન બફેટે સંબંધો તોડી નાંખેલા

વિશ્વના સૌથી ધનિકોમાં એક અને શેરબજારના સૌથી સફળ રોકાણકારોમાં પણ એક વોરન બફેટે અંતે પોતાનું નવું વિલ એટલે કે વસિયતનામું બદલ્યું જાહેર કરી દીધું. ૯૩ વર્ષના વોરન બફેટે વરસો પહેલાં જાહેર કરી દીધેલું કે પોતાના મોત પછી બધી સંપત્તિ માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટસે બનાવેલા બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને મળશે. થોડાક મહિના પહેલાં તેમણે વિચાર બદલીને એલાન કરેલું કે, હવે મારી સંપત્તિ મારાં સંતાનોને મળશે. વોરને એલાન કરેલું કે, મારા મોત પછી બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને પોતાની સંપત્તિમાંથી મળતું દાન પણ બંધ થઈ જશે. હવે વોરન બફેટે પોતાની સંપત્તિમાંથી કોને શું મળશે તેની વિગતો જાહેર કરી છે. વોરન બફેટ પાસે અત્યારે ૧૫૦ અબજ ડોલરની સંપત્તિ છે. તેમાંથી મોટા ભાગની સંપત્તિ હેથવે બર્કશાયર કંપનીના શેરોના રૂપમાં છે. બફેટે બર્કશાયર હેથવેના ૧,૬૦૦ ક્લાસ એ શેરને ૨૪ લાખ ક્લાસ મ્ શેર્સમાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરી છે અને આ ૨૪ લાખ શેર ચાર ફેમિલી ફાઉન્ડેશનમાં વહેંચી દેવામાં આવશે.  આ પૈકી સૌથી વધારે ૧૫ લાખ શેર તેની પત્નિના નામે બનાવેલા સુસાન થોમ્પસન બફેટ ફાઉન્ડેશનને મળશે જ્યારે તેનાં સંતાનો દ્વારા ચલાવાતાં શેરવુડ ફાઉન્ડેશન,  હોવર્ડ જી. બફેટ ફાઉન્ડેશન અને નોવો ફાઉન્ડેશનને ૩-૩ લાખ શેર મળશે. વોરન બફેટે ૨૦૦૬માં પોતાની ૯૯ ટકા સંપત્તિનું દાન કરી દેવાની પ્રતિજ્ઞાા લીધી હતી. આ પ્રતિજ્ઞાા બફેટે તોડી નથી. તેમના મોત પછી ૯૯ ટકા સંપત્તિનું દાન જ કરાશે પણ આ દાન કોને કરવું તેનો નિર્ણય તેમનાં સંતાનો લેશે. બફેટે પહેલાં વિલ બનાવ્યું તેમાં પોતાની સંપત્તિમાંથી ૮૩ ટકા બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને મળશે એવું જાહેર કરેલું પણ નવા વિલમાં બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન નહીં પણ પોતાનાં સંતાનોને એ અધિકાર આપ્યો છે. સંતાનો પોતાના જીવનકાળમાં એ કામ ના કરી  શકે તો તેમના સ્થાને કોણ તેનો અમલ કરશે એ પણ બફેટે નક્કી કરી દીધું છે. તેમનાં નામની જાહેરાત કરાઈ નથી પણ એ લોકો પરિવારનાં જ હશે એ સ્પષ્ટ છે. વોરન બફેટ બર્કશાયર હેથવેમાં સૌથી મોટા શેરહોલ્ડર છે. બફેટ પાસે કંપનીના ૨,૦૭,૯૬૩ ક્લાસ એ શેર હતા જ્યારે માત્ર ૨૫૮૬ ક્લાસ બી શેર હતા. અમેરિકામાં કંપનીમાં ક્લાસ એ શેરહોલ્ડર્સ પાસે વધારે વોટિંગ રાઈટ્સ હોય છે. કંપની પર અંકુશ ધરાવતા અને મેનેજમેન્ટમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો પાસે ક્લાસ એ શેર વધારે હોય છે. બફેટે માત્ર ૧૬૦૦ ક્લાસ એ શેરને રૂપાંતરિત કર્યા છે એ જોતાં હજુ તેમની પાસે ૨ લાખથી વધારે ક્લાસ એ શેર રહેશે તેથી કંપનીનો અંકુશ તેમની પાસે જ રહેશે.  આ ક્લાસ એ શેરનું બફેટ શું કરશે એ ખબર નથી પણ બફેટનો ઈરાદો પોતે ગુજરી જાય પછી પણ કંપની પર પોતાનાં સંતોનોનો અંકુશ રહે એવો લાગે છે.  વોરન બફેટ ૧૯૫૨માં સુસાન થોમ્પસનને પરણ્યા અને ત્રણ સંતાનોના પિતા બન્યા. ૧૯૫૩માં દીકરી સુસાન એલિસ, ૧૯૫૪માં દીકરો હોવર્ડ અને ૧૯૫૮માં બીજો દીકરો પીટર જન્મ્યો. સુસાન સમાજ સેવા કરે છે, હોવર્ડ રાજકારણી અને બિઝનેસમેન છે જ્યારે પીટર સંગીતકાર છે.

# ઝકરબર્ગ સાથે ડિનર, ટ્રમ્પનું હૃદય પરિવર્તન કેમ થયું ?



રાજકારણમાં કોઈ કાયમી દુશ્મન નથી હોતું એવું કહેવાય છે અને ડોનાલ્ડ ટ્રમ્પ તથા માર્ક ઝકરબર્ગના કિસ્સામાં આ વાત સાચી પડી છે. અમેરિકાના પ્રમુખની ચૂંટણી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગને જેલમાં મોકલવાની ધમકી આપી હતી, પણ અમેરિકાના પ્રમુખપદે ચૂંટાતાં જ ડોનાલ્ડ ટ્રમ્પનું હૃદયપરિવર્તન થઈ ગયું.ટ્રમ્પે માર્ક ઝકરબર્ગને નોતરું આપીને ફ્લોરિડામાં તેમના હોમ કમ રિસોર્ટ માર-એ-લાગોમાં બોલાવ્યા અને બંનેએ સાથે મળીને ડિનર પણ લીધું. જોકે હૃદયપરિવર્તન માત્ર ડોનાલ્ડ ટ્રમ્પનું નથી થયું, પણ માર્ક ઝકરબર્ગનું પણ થયું છે. ઝકરબર્ગ ૨૦૨૪ની ચૂંટણીમાં બહુ સક્રિય નહોતો, પણ ૨૦૨૦ની ચૂંટણીમાં ટ્રમ્પને હરાવવામાં પૂરી તાકાત લગાવી દીધી હતી. હવે ઝકરબર્ગે પણ ટ્રમ્પ સાથે હાથ મિલાવી લેવામાં શાણપણ સમજ્યું છે. ટ્રમ્પની બીજી ઈનિંગ માટે વ્હાઈટ હાઉસમાં ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ તરીકે નિયુક્ત સ્ટીફન મિલરે આપેલી માહિતી પ્રમાણે, ટ્રમ્પ સાથે ખરાબ સંબંધો બાદ ઝકરબર્ગ તેમની કંપનીની ઈમેજ બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ઝકરબર્ગ અન્ય ઉદ્યોગપતિઓની જેમ ટ્રમ્પની આર્થિક યોજનાઓને સમર્થન આપવા માગે છે.મિલરના કહેવા પ્રમાણે, માર્ક ઝકરબર્ગના પોતાના રસ છે અને તેની પોતાની કંપની છે, તેનો પોતાનો એજન્ડા છે, પણ ઝકરબર્ગે સ્પષ્ટ કર્યું છે કે પોતે ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકાના રાષ્ટ્રીય વિકાસને સમર્થન આપવા માગે છે. ઝકરબર્ગે આ મુદ્દે કશું કહ્યું નથી, પણ ઝકરબર્ગની કંપની મેટાએ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો છે અને હવે પછીનો તબક્કો અમેરિકન ઈનોવેશન માટે મહત્ત્વનો હોવાનું કહીને ટ્રમ્પને આડકતરી રીતે ટેકો આપી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝકરબર્ગના સંબંધો અચાનક મધુરા બની ગયા તેના કારણે સૌ આશ્ર્ચર્યચકિત છે કેમ કે બંને વચ્ચે છેલ્લા એક દાયકાથી કૉલ્ડ વૉર ચાલે છે. ૨૦૧૬માં ડોનાલ્ડ ટ્રમ્પ પહેલી વાર અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે ફેસબુકે ટ્રમ્પને હરાવવા બહુ ધમપછાડા કરેલા, પણ ટ્રમ્પ જીતી ગયેલા.ટ્રમ્પે એ પછી ફેસબુકને પતાવી દેવા બહુ મથામણ કરી, પણ ફાવ્યા નહોતા. ઝકરબર્ગે ૨૦૨૦ની ચૂંટણીમાં બિડેનતરફી વલણ લેતાં ડોનાલ્ડ ટ્રમ્પ અને માર્ક ઝકરબર્ગ વચ્ચેની દુશ્મનાવટ ઘેરી બની હતી. ઝકરબર્ગે ૨૦૨૦ની અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પને હરાવવામાં મદદ કરેલી તેથી ટ્રમ્પને તેના તરફ ખાર થઈ ગયો. ટ્રમ્પે બિડેન સામે હારી ગયા પછી આક્ષેપ કરેલો કે, ઝકરબર્ગે પોતાને હરાવવાની સોપારી લીધી હતી .ઝકરબર્ગને સોશિયલ મીડિયા પર ટક્કર આપવા ટ્રમ્પે પોતાનું સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ટ્રુથ શરૂ કરેલું, પણ એ ચાલ્યું નથી. ૨૦૨૪ની ચૂંટણી પહેલાં ઝકરબર્ગના સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મને ખાળવા માટે ટ્રમ્પે એલન મસ્ક સાથે હાથ મિલાવી લીધા હતા.ટ્રમ્પે જ મસ્કને ટ્વિટર ખરીદવા પ્રોત્સાહિત કર્યો અને મસ્કે ટ્રમ્પની મદદથી ટ્વિટર હસ્તગત કર્યું પછી ફેસબુકને પતાવવા માટે બંને પૂરી તાકાતથી મચી પડ્યા પણ હતા. મસ્કે ટ્રમ્પની ચૂંટણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે ને મસ્ક ટ્રમ્પની સરકારમાં સાવ નવા બનાવેલા વિભાગનો વડો બનવાનો છે તેના પરથી જ બંનેના ગાઢ સંબંધો સ્પષ્ટ થઈ જાય છે.ઝકરબર્ગ અને ટ્રમ્પની દુશ્મનાવટ ૨૦૨૦ની અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પછી પણ ચાલુ રહી હતી. જાન્યુઆરી ૨૦૨૧માં યુએસની સંસદ એટલે કે કૅપિટોલમાં ટ્રમ્પના સમર્થકો દ્વારા આચરાયેલી હિંસા પછી માર્ક ઝકરબર્ગે ટ્રમ્પના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. બે વર્ષ બાદ ૨૦૨૩માં આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો, પણ એ પહેલાં ટ્રમ્પ અને ઝકરબર્ગ વચ્ચેના સંબંધો બગડી ચૂક્યા હતા. ૨૦૨૪માં ઝકરબર્ગે ચૂંટણી પહેલાં ટ્રમ્પને સમર્થન આપ્યું ન હતું. ઝકરબર્ગે ૨૦૨૪ની ચૂંટણી દરમિયાન કોઈ ઉમેદવારનું ખુલ્લેઆમ સમર્થન કર્યું નહોતું.બીજી તરફ ટ્રમ્પે ચૂંટણીપ્રચારમાં માર્ક ઝકરબર્ગને ધમકી આપેલી કે, પોતે સત્તામાં આવશે તો ઝકરબર્ગની બાકીની જિંદગી જેલમાં જશે. ટ્રમ્પ ઝકરબર્ગ માટે ઝકરસ્કમ્સ શબ્દો વાપરે છે તેનો ઉપયોગ કરીને સતત ઝકરબર્ગ વિરુદ્ધ બોલ્યા કરે છે. ટ્રમ્પે જુલાઈમાં સેવ અમેરિકા બુક લોંચ કરી તેમાં લખેલુ કે, ૨૦૨૦ની ચૂંટણીમાં માર્ક ઝકરબર્ગે ફેસબુકનો ઉપયોગ પોતાની વિરુદ્ધના પ્રચાર માટે થવા દીધો હતો.ઝકરબર્ગ ૨૦૨૪ની ચૂંટણીમાં પણ પોતાને હરાવવા માટે કોઈ પણ હરકત કરશે તો ચૂંટણીમાં ગરબડ કરનારા બીજા બધાની સાથે ઝકરબર્ગની જિંદગી પણ જેલમાં જશે. ઝકરબર્ગે ભૂતકાળમાં કરેલી ગરબડોની તપાસ કરવાની જાહેરાત કરીને ટ્રમ્પે કહેલું કે, ઝકરબર્ગે ભૂતકાળમાં કરેલાં બધાં કાળાં કામોની તપાસ થશે તેથી ઝકરબર્ગ માટે ખરાબ દિવસોઆવવાના છે.ટ્રમ્પ અને ઝકરબર્ગની આ દુશ્મનાવટને કારણે બંને સાથે થાય એવી કોઈને કલ્પના પણ નહોતી. ટ્રમ્પ ઝકરબર્ગ તરફ કૂણા પડ્યા તેનું કારણ ઝકરબર્ગે ટ્રમ્પ પરના જીવલેણ હુમલા વખતે ટ્રમ્પની પ્રતિક્રિયાની પ્રશંસા કરીને તેમના માટે પ્રાર્થના કરી હતી એ હોઈ શકે છે.ઝકરબર્ગે બાઈડન સરકાર સામે આક્ષેપ કરેલો કે, બાઈડન સરકારના કેટલાક વરિષ્ઠ અધિકારીઓએ તેમના પર કોવિડ-૧૯ સંબંધિત કેટલીક સોશિયલ મીડિયા પોસ્ટને સેન્સર કરવા દબાણ કર્યું હતું. ટ્રમ્પને ઝકરબર્ગ તરફ હેત ઊભરાયું તેનું એક કારણ આ પણ હોઈ શકે છે. જોકે મોટું કારણ ફેસબુક સહિતનાં સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ્સનો પ્રભાવ છે. માર્ક ઝકરબર્ગ અત્યારે આખી દુનિયામાં સોશિયલ મીડિયા કિંગ છે અને તેનાં પ્લૅટફૉર્મ છવાયેલાં છે. ઝકરબર્ગની ફેસબુકનો પહેલાં જેવો પ્રભાવ નથી, પણ ઈન્સ્ટાગ્રામ અને વૉટ્સએપ જોરદાર ચાલી રહ્યાં છે.આ કારણે મેટાને અવગણી શકાય તેમ નથી. ટ્રમ્પ નવી ઈનિંગ્સ શરૂ કરી રહ્યા છે ત્યારે તેમને સોશિયલ મીડિયાના સપોર્ટની જરૂર પડવાની જ છે. ટ્રમ્પ પાસે એલન મસ્ક છે, પણ મસ્કના એક્સ કરતાં ઝકરબર્ગનો પ્રભાવ વધારે છે

## ગુજરાત રાજ્ય કક્ષાની વૉલીબોલ સ્પર્ધા ૨૦૨૪માં બુહારી શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર)** : SGFI  ગુજરાત રાજ્ય કક્ષાએ વોલીબોલ઼ -૧૯ (બહેનો) સ્પર્ધા ૨૦૨૪ ગુજરાત રાજ્ય કક્ષાએ સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ, તા.જિ.મહેસાણા ખાતે ૨૯/૧૧/૨૦૨૪ ના રોજ યોજવામાં આવી હતી. જેમાં તાપી જિલ્લાના વાલોડ તાલુકામાંથી શ્રી બી. ટી. કે.એલ. ઝવેરી સાર્વ. હાઈ. બુહારી શાળાની ટીમમાં(૧) શર્મા સંજના ગંગારામ ૧૨(૨) ગામીત સ્નેહા સુનિલભાઈ ૧૨B(૩) પટેલ સુહાની સુનિલભાઈ ૧૨(૪) પટેલ રિયા મનોજભાઈ ૧૧B(૫) ગામીત સ્નેહા સરમુખભાઈ ૧૧(૬) ચૌધરી એલ્વિના મુકેશભાઈ ૧૧ કુલ ૦૬ વિધાર્થિનીઓએ તાપી જિલ્લાની ટીમમા રાજ્ય કક્ષાએ ભાગ લઈ રાજ્ય કક્ષાએ તાપી જિલ્લા, વાલોડ તાલુકા તથા શ્રી બી.ટી. ઉએન્ડ કે. એલ. ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલ બુહારી નું નામ રોશન કરી શાળાનું ગૌરવ વધાર્યું. તે બદલ આ વિદ્યાર્થીઓ અને તેમનાં માર્ગદર્શક શાળા વ્યાયામ શિક્ષકશ્રી રતિલાલ એસ. ગામીત તથા દર્શનાબેન પટેલને બુહારી વિભાગ કેળવણી મંડળ તથા શાળાના આચાર્યશ્રી વિજયભાઈ ડી. પટેલ તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન આપી સન્માનિત કરવામાં આવ્યા. તથા ભવિષ્યમાં ખૂબ ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવવામા આવી.

## ગુજરાત રાજ્ય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધા ૨૦૨૪માં બુહારી શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** SGFI ગુજરાત રાજ્ય કક્ષા એ હેન્ડબોલ઼ – ૧૯ (બહેનો ) સ્પર્ધા ૨૦૨૪ ગુજરાત રાજ્ય કક્ષાએ સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ , તા . જિ.મહેસાણા ખાતે યોજવામાં આવી હતી. જેમાં તાપી જિલ્લાના વાલોડ તાલુકામાંથી શ્રી બી. ટી. ૅ કે.એલ. ઝવેરી સાર્વ. હાઈ. બુહારી ટીમમાં૧.ચૌધરી યશ્વી અજીતભાઈ ૧૨૨. શર્મા સંજના ગંગારામ ૧૨ B ૩. ગામીત સ્નેહા સુનિલભાઈ ૧૨B ૪. પટેલ સુહાની સુનિલભાઈ ૧૨B ૫. રાઠોડ અંશિકા અશ્વિનભાઈ ૧૨B ૬. ચૌધરી ધ્રુવી પ્રતિકભાઈ ૧૨B ૭. ગામીત હેમાંગી ઈસુદાસભાઈ ૧૨B ૮. પટેલ પ્રિયાંશી વિરલભાઈ ૧૧B ૯. પટેલ રિયા મનોજભાઈ ૧૧ B ૧૦. ગામીત સ્નેહા સરમુખ ભાઈ ૧૧B ૧૧. ચૌધરી એલ્વિના મુકેશભાઈ ૧૧ B ૧૨. ચૌધરી મેઘના દીપકભાઈ ૧૧ B ૧૨ વિધાર્થિનીઓ એ તાપી જિલ્લાની ટીમમા રાજ્ય કક્ષાએ ભાગ લઈ રાજ્ય કક્ષાએ તાપી જિલ્લા, વાલોડ તાલુકા  તથા શ્રી બી.ટી એન્ડ કે. એલ. ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલ બુહારીનું નામ રોશન કરી શાળાનું ગૌરવ વધાર્યું. તે બદલ આ વિદ્યાર્થીઓ અને તેમનાં કોચ ચિંતન પટેલ તેમજ માર્ગદર્શક શાળા વ્યાયામ શિક્ષકશ્રી રતિલાલ એસ. ગામીત તથા દર્શનાબેન પટેલને બુહારી વિભાગ કેળવણી મંડળ તથા શાળાના આચાર્યશ્રી વિજયભાઈ ડી. પટેલ તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન આપી સન્માનિત કરવામાં આવ્યા. તથા ભવિષ્યમાં ખૂબ ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવવામા આવી.

# નિઝર તાલુકામાં શૌચાલય યોજનાના કામોમાં ભ્રષ્ટ્રાચારની રાવ !!

## : તપાસના નામે તાલુકા વિકાસ અધિકારીને તાવ કેમ આવે છે ?




(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર)નિઝર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોટાપાયે ભ્રષ્ટ્રાચાર થયો હોવાની વિગતો સાથે કસૂરવારો સામે કાર્યવાહી કરવાની માંગ સાથે એકવાર ફરી નિઝર તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે.અહીં વ્યક્તિગત શૌચાલય નિર્માણ સહિતના કામોમાં મોટાપાયે ગેરરીતિઓ આચારવા માં આવી છે. તેમ છતાં કસૂરવારો વિરુદ્ધ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. જેને લઈ તંત્રની પ્રમાણિકતા દાવ પર લાગી છે. નિઝર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના નામ પર આચારવામાં આવેલ ભ્રષ્ટ્રાચારના પુરાવા સાથે આરટીઆઈ એકીટવીસ્ટ દ્વારા એકવાર ફરી નિઝર તાલુકા પંચાયતના અધિકારીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે.

સમગ્ર બાબતે નિઝર તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં જાણ કરવામાં આવી છે. તેમ છતાં કસૂરવારો સામે આજદિન સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. જેની લઈ નિઝર તાલુકા પંચાયતની કામગીરી પણ શંકાના દાયરામાં આવી ગઈ છે. નિઝર તાલુકામાં વ્યક્તિગત શૌચાલય યોજનામાં વર્ષ: ૨૦૧૯માં મૃત વ્યક્તિને પણ શૌચાલય આપવામાં આવેલ છે. બીજી નવાઈની વાત એવી છે કે આજ દિન સુધી મૃત થયેલ વ્યક્તિના ઘરે શૌચાલય બનાવવામાં આવેલ નથી ! મૃત થયેલ વ્યક્તિના પરિવારને રૂબરૂ સ્થળ પર મુલાકાત કરતા આ માહિતી બહાર આવી છે કે, વર્ષ:૨૦૦૫માં લાભાર્થી મૃત્યુ પામે છે તો ૨૦૧૯થી ૨૦૨૪માં તાલુકા પંચાયત કચેરી દ્વારા કઈ રીતે શૌચાલયનો લાભ આપી શકે ? અને શૌચાલય મૃત વ્યક્તિના નામે મંજૂર કરાયો હોય તો કોના ખાતામાં રૂપિયા ૧૨૦૦૦/-હજાર નાખવામાં આવ્યા ? તે પણ તપાસનો વિષય છે. વર્ષ:૨૦૧૯ થી ૨૦૨૪માં નિઝર તાલુકામા સર્વે કરવામાં આવે તો વ્યક્તિગત શૌચાલય યોજનામાં લાખો રૂપિયાનું કૌભાંડ બહાર આવવાની શક્યતા નકારી શકાતી નથી !

મૃત થયેલ વ્યક્તિના શૌચાલય ચાઉં થઈ જતા હોય તો અન્ય વ્યક્તિ સાથે શુ થતું હશે ? તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત છતાં કાર્યવાહી કરવામાં તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે સાથે જ તંત્રની પ્રામાણિકતા સામે સવાલ ઉઠવા એ વ્યયાજબી લેખાશે. અત્રે ઉલ્લેખનીય છે કે તાપી જિલ્લાના છેવાડાના નિઝર તાલુકા ખાતે સરકારી યોજનાઓમાં મોટા ભાગે ભ્રષ્ટ્રાચાર આચરાતો હોવાની વ્યાપક પ્રમાણમાં બૂમ ઊઠી રહી છે. જેમાં કેટલીક યોજનાઓમાં લાભાર્થીઓને તેમના લાભ મળતા નથી. જે અંગે તાપી જિલ્લાના કલેકટરશ્રી દ્વારા સ્થાનિક આદિવાસી પ્રજાના હિતમાં પ્રજાલક્ષી કાર્યવાહી કરી આવાં ભ્રષ્ટ્રાચારીઓ સામે કડક હાથે કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલાં લેવાય એવી પ્રબળ લોક માંગ ઊઠી રહી છે.

# નેહરુ યુવા કેન્દ્ર-સુરત (તાપી) અને માય ભારત- સુરત (તાપી)ના માધ્યમથી તાપીમાં આઈ. ટી. આઈ. ખાતે સંવિધાન દિવસ કાર્યક્રમનું આયોજન




**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર)** : ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલયના "નેહરુ યુવા કેન્દ્ર-સુરત (તાપી)" અને "માય ભારત-સુરત (તાપી)" ના માધ્યમથી તાપીમાં આઈ.ટી.આઈ.માં તારીખ:૨૬ નવેમ્બર ૨૦૨૪ ના રોજ "સંવિધાન દિવસ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લગભગ ૧૫૦ થી વધુ યુવાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સૌપ્રથમ સંવિધાન દિવસનું મહત્વ તેમજ ભારત વર્ષના મહાન ક્રાંતિકારી ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીના જીવન ચરિત્ર વિશે ઉપસ્થિત યુવાઓને માહિતગાર કરવામાં આવ્યા. કાર્યક્રમને અનુલક્ષીને આવેલા યુવાનો સાથે શપથ વિધિ કરવામાં આવી તેમજ અલગ અલગ કાર્યક્રમ જેવા કે ક્વિઝ સ્પર્ધા, સેમીનાર, પદયાત્રા, સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે કેન્દ્ર સરકારના માય ભારત પોર્ટલની કાર્યપ્રણાલી તથા તેના લાભો વિશે પણ યુવાઓને માહિતગાર કરી તેમને માય ભારત પોર્ટલ પર પંજીકૃત પણ કરવામાં આવ્યા અને યુવાનોને "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ" સંબધિત માહિતી આપી ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં આઈ.ટી.આઈ. ના આચાર્યશ્રી, શિક્ષક સ્ટાફ તેમજ એડ. મોહિત ડીંડોરકરની ઉપસ્થિતિમાં યુવાઓ સાથે પદયાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નહેરુ યુવા કેન્દ્ર-સુરતના જિલ્લા યુવા અધિકારીશ્રી સચિન શર્માના માર્ગદર્શન હેઠળ NYV (Ministry of Youth Affairs and Sprots – Govt. of India) વરુણ રાજપૂત અને વંદના ગામીત દ્વારા કરવામાં આવેલું હતું.

# સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજમાં બંધારણ દિવસની ઉજવણી કરાઈ




**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : ૨૬મી નવેમ્બર ૨૦૨૪ના રોજ, સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા "બંધારણીય દિવસ"ની ઉજવણી કરવામાં આવી. ડૉ. લતા નિંગૂ એ ભારતીય બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત સિદ્ધાંતો પ્રત્યે જાગૃતિ અને પ્રશંસાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન બંધારણના ઘડવૈયાઓનું સન્માન કરવા અને લોકશાહી, સમાનતા અને ન્યાયના મૂલ્યોને વધુ મજબૂત કરવા માટે કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રિન્સિપાલ ડો. જ્યોતિ આર. રાવના માર્ગદર્શન હેઠળ ડૉ. ધૃણી ગવળી અને પ્રવૃત્તિ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# તાપી જિલ્લાની તમામ અદાલતોમાં ૧૪મી ડિસેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : તા. ૨૯ તાપી જિલ્લાની તમામ અદાલતોમાં આગામી ૧૪મી ડિસેમ્બરે રાષ્ટ્રીય લોકઅદાલત યોજાશે. તમામ પક્ષકારો, વકીલશ્રીઓ તથા જાહેર જનતાએ તા.૧૪ ડિસેમ્બર-૨૦૨૪ શનિવારના રોજ નામદાર રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (નાલ્સા), નવી દિલ્લી તેમજ નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લા મથક વ્યારા તેમજ તાલુકા કક્ષાએ વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝરની તમામ અદાલતોમાં વર્ષ ૨૦૨૪ ની ત્રીજી નેશનલ લોક-અદાલતનુ આયોજન કરવામાં આવેલ છે.જેથી તમામ પક્ષકારો, વકીલશ્રીઓ તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, આગામી તા.૧૪ ડિસેમ્બર ૨૦૨૪ શનિવારના રોજ યોજાનાર જનરલ લોકઅદાલતમાં જિલ્લા કક્ષાએથી લઈને તાલુકા કક્ષા સુધીની તમામ અદાલતોમાં સમાધાનથી નિકાલ કરવા વિવિધ કેસો મુકી શકાશે, જેમાં કોર્ટોમાં માંડવાળ કરી શકાય તેવા સમાધાન પાત્ર કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળના કેસો, બેંક રીકવરી કેસો, વાહન અકસ્માત સંબંધિત વળતરના કેસો, મજુર તકરારને લગતા કેસો, લાઈટ બીલ અને પાણી બીલના લગતા કેસો(નોન-કંપાઉન્ડેબર સિવાય), કૌટુંબિક તથા લગ્ન જીવનની તકરારને લગતા કેસો, જમીન સંપાદન હેઠળના કેસો, પગાર અને નિવૃતિને લગતી સર્વિસ મેર્ટસ, રેવન્યુ સંબધિત કેસો, દિવાની કેસો જેવા કે ભાડુઆત સબંધિત, બેંક લેંણા, ડેન્ટ રીકવરી, અંગેની કોઈ અપીલ કે કેસ જિલ્લાની અદાલતોમાં દાખલ કરેલ હોય અને સુનવણી માટે પડતર હોય, તેવા કેસ કે અપીલ અને પ્રિ લીટીગેશન કેસોને પણ લોક અદાલતમાં મુકી સમાધાનથી સુમેળભર્યો નિકાલ કરવાની પ્રકીયા હાથ ધરવામાં આવનાર છે. જેથી તમામ પક્ષકારો, વકીલશ્રીઓ તથા જાહેર જનતાને આ લોક અદાલતમાં ભાગ લઈ લોક અદાલતને સફળ બનાવવા આગ્રહ ભરી વિનંતી કરવામાં આવે છે.પક્ષકારોએ તેમના કેસ લોક અદાલતમાં મુકવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, તાપી મું વ્યારાનો, ફોન નં-૯૫૭૪ ૬૦૪૧૭૫ પર અથવા તો લાગુ પડતી તાલુકા કાનૂની સેવા સમિતિઓનો નીચે મુજબના ફોન નંબરો ઉપર સંપર્ક કરી શકે છેતાલુકા કાનૂની સેવા સમિતિ વ્યારા -મો. નં. ૦૨૬૨૬-૨૨૧૩૭૦ , નિઝર મો. નં૯૬૨૪૬ ૭૪૧૯૧, ઉચ્છલ -મો. ન ૬૩૫ ૧૨૨૭૨૧૯, સોનગઢ મો. નં ૯૭૨૪ ૭૪૯૦૯૪, વાલોડ મો. નં ૯૬૮૭ ૧૨૯૩૬૪, ડોલવણ મો નં ૯૪૨ ૭૬૬૪૬૨૭ પર સંપર્ક કરવાનો રહેશે.

# વેલ્દાનાં NRI દંપતિ દ્વારા ગામના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું : વાંચનાલય તથા બુદ્ધવિહાર નિર્માણ માટે NRIદંપતિનું દાન



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર)** : તાપી જિલ્લાના નિઝર તાલુકાના વેલ્દા ગામના વતની ફોરેન કન્ટ્રી (ઇટલી)માં સ્થાયી થયેલ હતા. દસ(૧૦) વર્ષ પછી વતના પાછા આવતા મહેન્દ્રભાઈ સદાશિવભાઈ સાળવે અને એમના ધર્મપત્ની સંગીતાબેન મહેન્દ્રભાઈ સાળવે દ્વારા વેલ્દા ગામના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. તથા બુદ્ધવિહાર માટે દાનની ઘોષણા તા. :૨૪/૧૧/૨૦૨૪, રવિવારના રોજ વેલ્દા ગામમાં આંબેડકર નગર ખાતે કરવામાં આવી. જે કાર્યક્રમની શરૂઆત મહામાનવ ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને સૌપ્રથમ પુષ્પાંજલિ અર્પણ કરી કરવામાં આવી. ત્યારબાદ પ્રાર્થના, સ્વાગતગીત દ્વારા મહેમાનશ્રીઓને આવકારવામાં આવ્યા. ત્યારબાદ માર્ચ /૨૦૨૪માં ઉત્તર બુનિયાદી વિદ્યાલય વેલ્દાના અભ્યાસ કરતા અને ધોરણ-૧૦ માં પ્રથમ ક્રમાંક મેળવનાર કુલપગારે ભારતીબેન હીરાલાલભાઈ અને ધોરણ-૧૨ માં પ્રથમ ક્રમાંક મેળવનાર પાડવી રવિભાઈ શૈલેષભાઈ, માર્ચ/ ૨૦૨૩માં ખેલમહાકુંભ ગોળાફેંક સ્પર્ધામાં ગુજરાતમાં ત્રીજા ક્રમાંક મેળવનાર આદિત્યભાઈ મહેન્દ્રભાઈ સાળવે, ધોરણ-૮માં પ્રથમ ક્રમાંક મેળવનાર પલ્લવીબેન કિરણભાઈ પાટીલ પ્રા. શાળા વેલ્દાનું શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છ તથા પ્રોત્સાહ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સમાજમાં વાંચનાલય તથા બુદ્ધવિહાર નિર્માણ માટે અંકે રૂપિયા-૫૧૦૦૦/-(એકાવન હજાર)નું દાન આપવામાં આવ્યું. આ કાર્યક્રમ નિમિત્તે મહેન્દ્રભાઈ સાળવેએ વિદેશમાં દસ વર્ષ રહી ત્યાંના અનુભવો શેર કર્યા. અને વિદ્યાર્થીઓને પણ વિદેશ જવા માટે શું કરવું જોઈએ એના વિષે સમજણ આપી. વિધાર્થીઓને પ્રોત્સાહન પુરા પાડવામાં આવ્યું. ગામના આગેવાનો અને સામાજિક કાર્યકર્તા શ્રીસુહાસભાઈ સાળવેએ સમાજવતી મહેન્દ્રભાઈ સાળવે અને એમના પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન તાપી જિલ્લાના ફાઈટ ગ્રુપના અધ્યક્ષ શ્રીદેવાભાઈ સાળવેનું પણ સન્માન કરવામાં આવ્યું હતું તથા તાપી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકશ્રી વિજયભાઈ સામુદ્રેનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત હિરલબેન સચિનભાઈ પટેલ તરફથી રૂપિયા ૫૧૦૦૦/-, રીટાબેન શૈલેષભાઈ પટેલ તરફથી રૂપિયા ૧૧૧૧૧/-, સંગીતાબેન નિલેશભાઈ પટેલ તરફથી ૧૧૧૧૧/-રૂપિયાનું દાન વાંચનાલય તથા બુદ્ધવિહાર નિર્માણ માટે આપવામાં આવ્યું હતું. તમામ દાતાશ્રીઓનું સમાજના આગેવાન સુહાસભાઈ સાળવે દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિશ્રી સિદ્ધાર્થભાઈ સાળવે દ્વારા કરવામાં આવી.